# ઈસુ એ વારવારં ઘરોની મુલાકાતો લીધી.

બાળકોને શીખવનારે ચીલ્ડ્રન વીટુ બી નો ઉપયોગ કરવો.

**પ્રાર્થના :** "વ્હાલા પ્રભુ તમે અમારી મધ્યે વસવા અને અમારા ઘરોની મુલાકાત લેવા માટે આવ્યા હતા તે રીતે તમે અમારા પ્રત્યેનો તમારો પ્રેમ પ્રદર્શિત કર્યો અને અમારે માટે તારણ લાવ્યા ઘણા લોકો તમને ઓળખી શકયા નહીં અને તમારો અંગીકાર કર્યો નહિ,તમારી ઓળખ અમને તમે આપી છે માટે અમે તમારો આભાર માનીએ છીએ જેઓને જરૂર છે તેવા લોકોના ઘરોમાં તમારી સુવાર્તા લઈ જવા માટે અમારી સહાય કરો.

## ૧. ઈસુના દષ્ટાંતો અને પ્રાર્થના વડે તમારા મનને તૈયાર કરો

જાખી અને તેના કુટુબં માટે તારણ કેવી રીતે આવ્યું તે **લુક૧૯ઃ૧-૧૦ માંથી જૂઓ**. (નીચેના જવાબો આપો)

- જાખીએ ઈસુ અને તેના સંદેશામાં રસ કેવી રીતે બતાવ્યો ?(ક .૩)
- ઈસુએ તેનો પ્રેમ અને ક્ષમા જાખીને કેવી રીતે બતાવ્યા ? (૫)
- જાખીને ઈસુએ કહેલા શબ્દોથી દરેકને કેમ અચંબો લાગ્યો ? (૭)
- જાખીએ પોતાનો પસ્તાવો અને આભારીપણું કેવી રીતે બતાવ્યાં ? (૮)
- ઈસુએ જાખીને ઘેર મુલાકાત લેવાનું શા માટે કહ્યું ? (૧૦)

કર્નેલ્યસ, તેનુ કુટુંબ અને તેના મિત્રો માટે તારણ કેવી રીતે આવ્યુ તે **પ્રે.કૃ. ૧૦ માંથી શોધો.**

- યહુદી રીતી -રીવાજો નહી પાળનાર લોકોની મુલાકાત લેવા માટે પ્રભુએ પીતરને કેવી રીતે તૈયાર કર્યો ? (ક. ૯-૧૬)
- કર્નેલ્યસની મુલાકાત વખતે પીતરની સાથે કોણ ગયું ? (૨૩)
- પિતરે સંદેશો શરૂ કરતા પહેલા શું કર્યુ ?(૨૯)
- ઈસુ વિષે પિતરે કેટલીક બાબતો કહી તે કઈ છે ? (૩૮-૪૩)
- કર્નેલ્યસ અને તેના કુટુંબનુ બાપ્તિસ્માં કેટલી જલ્દીથી થયું ? (૪૭-૪૮)
- પીતરે અને જોપ્પાના તેના સાથીદારોએ નવા વિશ્વાસીઓને બાપ્તિસ્મા આપ્યા પછી શું કર્યુ ?(૪૮)

ઘરોની મુલાકાત માટેના બીજા હેતુ માટે **પ્રે.૯ઃ૩૨-૪૩ જુઓ.**

## ૨. અઠવાડીયા દરમ્યાનની પ્રવૃતિઓ માટે આયોજન કરો

મંડળીના લોકોના ઘરોની મુલાકાત માટે **યોજનાઓ બનાવો** બીજાઓને તમારી સાથે રાખો જેથી તેઓ તમારા નમુના પરથી શીખી શકે મંડળીમાં એવુ તંત્ર ગોઠવો જેથી બધા કુટુંબોની મુલાકાત બીજાઓ દ્વારા લઈ શકાય.




જેઓ માંદગી અને મુસિબત માં હોય તેમની મુલાકાત લઈ તેમની સાથે પ્રાર્થના કરવાનુ **આયોજન કરો**

જે મિત્રો અને કુટુંબના સભ્યો ઈસુ વિષે જાણતા નથી તેમની મુલાકાત લેવાની **યોજનાઓ બનાવો** જેથી તેમને તમે સુવાર્તા આપી શકો બીજાઓને તેઓના સગા કે મિત્રોની મુલાકાત વખતે સાથે રાખો જેથી તેઓ તમારો નમુનો જોઈ શકે નવા વિશ્વાસીઓ પોતાના જીવનમાં ઈસુએ તેમને માટે શુ કર્યુ છે તેની સાક્ષી આપી શકે માટે તેમની સહાય કરો જેથી તેઓ તે સાક્ષી તેમના મિત્રો અને કુટુંબીઓને આપી શકે.

૩. **હવેની ભજન સેવા માટે સાથીદારો સાથે આયોજન કરો.**

ચાલુ જરૂરિયાતો અને સ્થાનિક રસમો મુજબની પ્રવૃતિઓ પસંદ કરો.

પીતર અને તેના સાથીદારોની કર્નેલ્યસના ઘરની સુવાર્તા માટેની મુલાકાતની વાર્તા **કહો** અથવા ભજવી બતાવો.

ભાગ ૧ માં જે પ્રશ્નો છે તે **પૂછો.**

સમજાવો કે

- આપણે એકબીજાને ઉતેજન આપવા અને તેમની સાથે પ્રાર્થના કરવા માટે એકબીજાની મુલાકાત લેવી જોઈએ.
- સામાન્ય રીતે એકલા નહિ પણ જોડીમાં અથવા જૂથમાં મુલાકાત લેવી.
- પુરૂષે એકલા સ્ત્રી સભ્યની મુલાકાત ન લેવી.

પીતરે બીજા વિશ્વાસીઓને ઉતેજન આપવા અને માંદાઓને માટે પ્રાર્થના કરવા તેમની મુલાકાત લીધી. પીતરનો દેવે વિશ્વાસી બહેનને મરી ગયેલામાંથી સજીવન કરવા માટે ઉપયોગ કર્યો.

જેમ પીતરે કર્નેલ્યસની મુલાકાત લીધી તેમ જેઓ ખ્રિસ્ત વિષે જાણતા નથી તેવા ઘરોની આપણે મુલાકાત લેવી જોઈએ પીતરે કર્નેલ્યસના ઘરમાં ઈસુ વિષે સરળ સંદેશો આપ્યો આપણે તે જ સંદેશો અવિશ્વાસીઓની મુલાકાત વખતે આપી શકીએ.

પીતરના સંદેશાની **અગત્યની બાબતો** અહી જણાવી છે.

અ) દરેક માણસ દેવ વિષે જાણે અને તારણ પામે તેવુ દેવ ઈચ્છે છે. (ક.૩૪-૩૬)

બ) દેવે ઈસુને પવિત્ર આત્માથી અભિષેક આપ્યો અને માંદાઓને સાજા કરવાનુ તેમજ અશુદ્ધ આત્માઓથી જેઓ પીડાતા હતા તેમને સાજાં કરવાનુ પરાક્રમ તેને આપ્યું (૩૭-૩૮)

ક) ઈસુ સજીવન થયો પછી લોકોએ તેના મરણ દફન અને પુનરૂત્થાનની સાક્ષી આપી (૩૯-૪૧)

ડ) પ્રબોધકો એ અગાઉ કહેલી પ્રતિજ્ઞાઓ પ્રમાણે ઈસુના નામમા પાપોની માફી મળે છે(૪૩)

ઈ) ઈસુ આપણને આ સુવાર્તા બધાને પ્રગટ કરવાની આજ્ઞા આપે છે (૪૨)

**૧ પિતર ૪:૮-૯ વાંચો** અને સમજાવો કે જેઓ સુવાર્તામય આગતાસ્વાગતા કરે છે તેમને દેવ આશિર્વાદ આપે છે.



મેજની સંગત માટે લુક ૭ :૩૬-૫૦ વાંચો તેમાં એક પાપણી સ્ત્રીએ પોતાના આંસુઓ વડે ઈસુના પગ ધોયા આ ઉપરથી સમજાવો કે જયારે આપણે ઈસુની પાસે આવીએ છીએ ત્યારે પવિત્ર આત્મા આપણને આપણા પાપોની ખાતરી કરાવે છે આપણા પાપ કબૂલ કરવા માટે આપણે સમય ગાળવો જોઈએ અને દેવની માફીનું દાન કેટલુ મહાન છે તે સમજવુ જોઈએ જેમ જેમ આપણે આપણી પાપી દુર્દશાને સમજતા જઈશું તેમ તેમ તેની દયા માટે આપણે પ્રેમ અને આભારીપણું અનુભવીશું.

બાળકોને તેમણે તૈયાર કરેલા નાટક, ગીત, અથવા પ્રશ્નોતરી રજુ કરવા દો.

વિશ્વાસીઓએ બીજાઓના ઘરની મુલાકાત લઈને તેમની સેવા કરી તેમજ તેમની મુલાકાત લેનારા બીજા વિશ્વાસીઓની પ્રેમભરી આગતાસ્વાગતા કરી તે બાબતની સાક્ષીઓ તેમને આપવા દો.

બે કે ત્રણના ગ્રુપમાં વિશ્વાસીઓએ એકબીજા માટે પ્રાર્થના કરવી ,સલાહ શિક્ષણ આપવુ એકબીજાના ધરોની મુલાકાત માટે આયોજન કરવું

યોહાન ૧:૧૪ સાથે મળીને **મુખપાઠ** કરવું

Copyright © 2004 by Paul-Timothy. Download Paul-Timothy studies freely from www.Paul-Timothy.net.